પાંડેસરાના ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનોના રી-ડેવલપમેન્ટ માટે રહીશોનો હલ્લાબોલ

ધબકાર પ્રતિનિધિ, સુરત, તા. ૨૨

ગુજરાત સરકારની ગુજરાત હાઉસીંગ બોર્ડ રી-ડેવલોપમેન્ટ યોજના ૨૦૧૬ હેઠળ શહેરમાં આવેલા ગુજરાત હાઉસીગ બોર્ડના મકાનો રી ડેવલોપમેન્ટ કરવામાં આવી રહ્યા છે. આ યોજના હેઠળ પાંડેસરા ખાતે આવેલ ગુજરાત હાઉસીગ બોર્ડના મકાનોનું રી ડેવલોપમેન્ટ કરવા માટે સ્થાનિક રહીશો દ્વારા રજૂઆત કરવામાં આવેલી અને આ રજૂઆતને ધ્યાને લઇ વર્ષ ૨૦૨૦માં પાંડેસરા ખાતેના આવાસો માટે આ યોજના લાગુ કરવામાં આવેલ, પણ કેટલાક લોકો દ્વારા આ યોજના વિરૂદ્ધ ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવેલ છે અને તેનો ચુકાદો હજ્જ સુધી આવ્યો નથી. પરિણામે આ યોજનાનો અમલ ઘોંચમાં પાડયો છે ત્યારે આ મામલે આજરોજ સ્થાનિક રહીશો ફરી એક વખત ગુજરાત હાઉસીગ બોર્ડ કચેરીએ હલ્લાબોલ કરવા પહોંચ્યા હતાં.

પાંડેસરા વિસ્તારની હાઉસિંગ કોલોનીના રહીશ રાકેશ મોદીએ કહ્યુ કે, ૩૨૪ એમઆઈજી અને ૨૬૪ એમઆઈજી યોજના સહિતના કુલ ૫૮૮ જેટલા મકાનોમાંથી ૮૨ ટકા લોકોએ જે તે વખતે સહમતિ આપી હતી. જેથી અમારી ૪૯ બિલ્ડીગમાંથી ૩૨ તૂટી ગઈ ૧૭ ચાલુ છું. ચાલુ ૧૭માંથી પણ માત્ર ૨૫ ટકા લોકો જ વસવાટ કરે છે. અમને બિલ્ડર દ્વારા ભાડું પણ આપવામાં આવે છે. જો કે, મકાનો ન બન્યા હોય કે કબ્જા ન સોંપાય ત્યાં સુધી અમારે મકાન વિહોણા થઈને રહેવાની ફરજ પડી રહી છે. કાલ સવારે બિલ્ડર હાથ ઊંચા કરી દે તો અમારું શું આ બાબતો અમને સતાવી રહી છે. અમે અવારનવાર રજૂઆત કરી છીએ.

ચંપાબેને કહ્યું કે, અમને મંજૂર થયેલું ભાડું આપવામાં આવે છે. પરંતુ અમે જ્યાં રહીએ છીએ. ત્યાંનું ભાડું અમને મળતાં ભાડા કરતાં ક્યાંય વધારે છે. જેથી અમારી માગ છે કે, અમને અમારા જે મકાનો હતાં તે ફરીથી ઝડપથી બનાવીને આપવામાં આવે. કારણ કે હાલ અમે અમારા મકાન હોવા છતાં ભાડાના મકાનમાં રહેવા માટે મજબૂર બની ગયા છીએ. અમે અવારનાવર રજૂઆત કરી છીએ. ત્યારે અમને ડર છે કે, બિલ્ડર નાદારી નોધાવે તો ભાડું પણ ન મળે અને બીજું કે હાઉસિંગ બોર્ડ કોઈ કાર્યવાહી કરતું નથી. જેથી બોર્ડ પણ કંઈક કાર્યવાહી કરે તો અમને અમારા મકાનો ઝડપથી મળે.

રી-ડેવલપમેન્ટ યોજના હેઠળ બિલ્ડર દ્વારા આપવામાં આવતું ભાડું વધારવા માગ સહિત રહીશોના મકાનો ઝડપથી બનાવી આપવા માટે હાઉસિંગ બોર્ડની કચેરીએ મોરચો મંડાયો

બાળમજૂરી નાબૂદી અભિયાન હેઠળ ૧૫ બાળશ્રમિકોને મુક્ત કરાયા

ધબકાર પ્રતિનિધિ, સુરત, તા. ૨૨

જિલ્લા કલેક્ટર આયુષ ઓકની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરીના સભાખંડમાં ચાઈલ્ડ લેબર ટાસ્ક ફોર્સ કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં જુલાઈ અને ઓગસ્ટ માસ દરમિયાન બાળમજૂરી નાબૂદી અભિયાન હેઠળ કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. બાળમજુરી નાબુદી માટે વધુમાં વધુ જાગૃતિ આવે તેવા આશયથી બાળકાયદાઓને લગતા પોસ્ટરો, બેનરો, ટેક્ષટાઈલ, જરી ઉદ્યોગો, ખાણીપીણીની લારીઓ તેમજ અન્ય જાહેર જગ્યાઓ પર લગાવવામાં આવે તે અંગે કલેક્ટરએ જરૂરી સુચનો કર્યા હતા.

બેઠકમાં કલેકટરએ રેસ્કયુ કરવામાં આવેલા તરૂણ શ્રમિકોનું શૈક્ષણિક પુનર્વસન, બાળમજુરી અંગે વધુમાં વધુ જાગૃતિ કેળવવા અને બાળમજૂરીના દૂષણને દૂર કરવામાં સફળતા મળે એ માટે સૌને સાથે મળી કાર્ય કરવાનો અનુરોધ કર્યો હતો. તેમણે બાળમજૂરી કરાવતા લોકો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે એવો મત વ્યક્ત કરી જરૂરી માર્ગદશન આપ્યું હતું.

બેઠકમાં ઈ.મદદનીશ શ્રમ આયુક્ત સ્મિત શાહે વિગતો આપતા જણાવ્યું કે, જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં ટાસ્કફોર્સ દ્વારા હોટલ, રેસ્ટોરન્ટ અને ખાણીપીણીની દુકાનોમાં કુલ ૬ રેડ કરવામાં આવી હતી, જેમાં વિવિધ વ્યવસાય સાથે જોડાયેલા કુલ ૧૫ તરૂણ શ્રમિકોને રેસ્કયુ કરી ૬ સંસ્થાઓ સામે નિયમનની નોટિસ આપી કાર્યવાહી કરવામાં આવી છે.

ધી સૂરત પીપલ્સ કો-ઓ. બેન્ક લિ.

સ્થાપના : ૧૯૨૨ મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક

રજી./ સેન્ટ્રલ ઓફીસ : "વસુધારા ભવન", ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ૩૯૫૦૦૧ (ટેલિ. +91-261) 246 4621 to 4624
Email : info@spcbl.in Toll free : 18002337722 Website : www.spcbl.in

સ્થાવર મિલકતની હરાજી

આથી સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ તથા ધ સિકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ અન્વયે નીચે દર્શાવેલ બાકીદારો પાસેથી બેંકના સિકયોર્ડ લેણાં ઉપરાંત વ્યાજ ખર્ચ વગેરેની વસુલાત માટે બેંકના કબજા હેઠળની નિમ્નલિખિત મિલકત "જ્યાં છે અને જે છે તે સ્થિતિમાં" વેચાણ સારુ હરાજીના દિવસે હરાજી શરુ થાય તે પહેલા અધિકૃત અધિકારીને મળે તે રીતે દરખાસ્તો આવકારવામાં આવે છે.

બાકીદાર /જામીનદારો		વસુલાત અંગેના સિક્યોર્ડ લેણાં
બાકીદાર નં.૧ ઓફિસ ભાગીદારો રહે. (૨) થી (૪) જામીનદારો	: મે. નિર્માણ ઈન્ડસ્ટ્રીઝ (ભાગીદારી પેઢી) : ૬૩, નિર્માણ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, એ.કે. રોડ, ફુલપાડા, સુરત : (૨) ધર્મેશ પરસ્સોત્તમભાઈ ઉકાણી (૩) પરસ્સોત્તમભાઈ નારણભાઈ ઉકાણી (૪) વિદ્યાબેન ધર્મેશ ઉકાણી : સી-૨, મંગલમ, સાધના સોસાયટીની સામે, વરાછા રોડ, સુરત : (૫) સ્વ. મંજુલાબેન પરસ્સોત્તમભાઈ ઉકાણીના કાયદેસરના વારસદારો અને પ્રતિનિધિઓ : (અ) પરસ્સોત્તમભાઈ નારણભાઈ ઉકાણી (બ) ધર્મેશ પરસ્સોત્તમભાઈ ઉકાણી (ક) જીજ્ઞાબેન ભરતભાઈ ભંડેરી ઉર્ફે પટેલ (ડ) સ્વ. બ્રિજેશ પરસ્સોત્તમભાઈ ઉકાણી ના કાયદેસરના વારસદારો અને પ્રતિનિધિઓ : (i) હેતલ બ્રિજેશ ઉકાણી ઉકાણી (ii) પ્રિયા બ્રિજેશ ઉકાણી (iii) વિહા ઉકાણી બ્રિજેશ : (૬) જીજ્ઞાબેન ભરતભાઈ ભંડેરી ઉર્ફે પટેલ	કેશક્રેડીટ ખાતા નં. **૩૦૪૦૦૨૯૦૪૬૧૧** તારીખ ૨૫-૦૨-૨૦૨૦ ના રોજની કલમ ૧૩(૨)ની માંગણા નોટીસ મુજબ તારીખ ૨૪-૦૨-૨૦૨૦ ના રોજની રકમ **રૂ. ૨,૬૪,૮૭,૪૦૧.૮૧** વત્તા કરાર દર મુજબ ચડત વ્યાજ અને અન્ય ખર્ચાઓ ચુકવણીની તારીખ સુધી
બાકીદાર નં. ૨ ઓફિસ ડીરેકટર્સ રહે. (૨) અને (૩) જામીનદારો	: મે. નિર્માણ ફાઈબર્સ પ્રા. લિ. : ૬૩, નિર્માણ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, એ.કે. રોડ, ફુલપાડા, સુરત : (૨) ધર્મેશ પરસ્સોત્તમભાઈ ઉકાણી (૩) પરસ્સોત્તમભાઈ નારણભાઈ ઉકાણી : સી-૨, મંગલમ, સાધના સોસાયટીની સામે, વરાછા રોડ, સુરત : (૪) વિદ્યાબેન ધર્મેશ ઉકાણી (૫) ધર્મેશકુમાર પરસ્સોત્તમભાઈ ઉકાણી (૬) પરસ્સોત્તમભાઈ નારણભાઈ ઉકાણી (૭) સ્વ. મંજુલાબેન પરસ્સોત્તમભાઈ ઉકાણીના કાયદેસરના વારસદારો અને પ્રતિનિધિઓ : (અ) પરસ્સોત્તમભાઈ નારણભાઈ ઉકાણી (બ) ધર્મેશ પરસ્સોત્તમભાઈ ઉકાણી (ક) જીજ્ઞાબેન ભરતભાઈ ભંડેરી ઉર્ફે પટેલ (ડ) સ્વ. બ્રિજેશ પરસ્સોત્તમભાઈ ઉકાણી ના કાયદેસરના વારસદારો અને પ્રતિનિધિઓ (i) હેતલ બ્રિજેશ ઉકાણી (ii) પ્રિયા બ્રિજેશ ઉકાણી (iii) વિહા બ્રિજેશ ઉકાણી	કેશક્રેડીટ ખાતા નં. **૩૦૪૦૦૧૧૮૫૯૬૦** તારીખ ૧૨-૦૩-૨૦૨૦ ના રોજની કલમ ૧૩(૨)ની માંગણા નોટીસ મુજબ તારીખ ૧૧-૦૩-૨૦૨૦ ના રોજની રકમ **રૂ. ૩,૦૬,૮૭,૨૦૬.૬૦** વત્તા કરાર દર મુજબ ચડત વ્યાજ અને અન્ય ખર્ચાઓ ચુકવણીની તારીખ સુધી

હરાજીથી વેચવાની સ્થાવર મિલકતનું વર્ણન	રીઝર્વ કિંમત રૂ. ઇએમડી રૂ.	મિલકત નિરીક્ષણ તારીખ મિલકત નિરીક્ષણ સમય	હરાજીની તારીખ હરાજીનો સમય
મિલકતના માલિક : સ્વ. મંજુલાબેન પરસ્સોત્તમભાઈ ઉકાણીના કાયદેસરના વારસદારો અને પ્રતિનિધિઓ (અ) પરસ્સોત્તમભાઈ નારણભાઈ ઉકાણી (બ) ધર્મેશ પરસ્સોત્તમભાઈ ઉકાણી (ક) જીજ્ઞાબેન ભરતભાઈ ભંડેરી ઉર્ફે પટેલ (ડ) સ્વ. બ્રિજેશ પરસ્સોત્તમભાઈ ઉકાણી ના કાયદેસરના વારસદારો અને પ્રતિનિધિઓ (i) હેતલ બ્રિજેશ ઉકાણી (ii) પ્રિયા બ્રિજેશ ઉકાણી (iii) વિહા બ્રિજેશ ઉકાણી ઈન્ડ. પ્લોટ નં. ૬૩, નિર્માણ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, એ.કે. રોડ, ફુલપાડા, સુરત. રેવન્યુ સર્વે નં. ૧૬૮/૧ (ફુલપાડા) પ્લોટનું ક્ષેત્રફળ : ૧૧૮.૯૧૫ ચો.મી. છે તે ગ્રાઉન્ડ ફ્લોર + પહેલો માળ + બીજો માળવાળી બાંધકામ સહિતની મિલકત. ચતુરદિશા : ઉત્તરે : લાગુ રોડ, દક્ષિણે : લાગુ પ્લોટ નં. ૬૨, પૂર્વે : પ્લોટ નં. ૧ થી ૪ વાળી મિલકત, પશ્ચિમે : લાગુ પ્લોટ નં. ૬૪ **નોંધ :** ઉપરોક્ત સ્થાવર મિલકતની કસ્ટડી બેંકના ઓથોરાઈઝ્ડ ઓફિસરે ધર્મેશભાઈ પી. ઉકાણીને સોંપેલ છે.	૯૦,૨૫,૦૦૦/- ૯,૦૨,૫૦૦/-	૧૬/૧૦/૨૦૨૩ સોમવારને રોજ બપોરે ૧૨:૦૦ કલાકથી બપોરે ૦૧:૦૦ કલાક સુધી	૦૨/૧૧/૨૦૨૩ ગુરુવારને રોજ બપોરે ૧૨:૩૯ કલાકથી

હરાજીનું સ્થળ : **બોર્ડ રુમ, ૪થો માળ, ધી સુરત પીપલ્સ કો.ઓ.બેંક લિ. વસુધારા ભવન,ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ૩૯૫૦૦૧**

દરખાસ્ત (ઓફર)ના કવર ઉપર જે તે મિલકતનું વર્ણન દર્શાવવાનું રહેશે. દરખાસ્ત (ઓફર)ની સાથે ઉપર દર્શાવેલ ઈ.એમ.ડી.ની રકમનો બેંક ડ્રાફ્ટ/પે ઓર્ડર/આરટીજીએસથી/ઓનલાઈન "**અધિકૃત અધિકારી, ધી સુરત પીપલ્સ કો.ઓ. બેંક લિ.**" ની તરફેણમાં સુરત ખાતે ચૂકવવાપાત્ર હોવો જોઈએ. જો ઓફર સ્વીકારાશે નહીં તો ઈ.એમ.ડી.ની રકમ વગર વ્યાજે પરત આપવામાં આવશે. સૌથી ઊંચી બોલી બોલનારે બેંક દ્વારા વેચાણની મંજૂરી મળ્યેથી તુરંત જ બોલીની રકમના ૨૫% રકમ જમા કરાવવાની રહેશે અને બાકીના ૭૫% રકમ ૧૫ દિવસમાં જમા કરાવવાની રહેશે જેમાં નિષ્ફળ નીવડ્યેથી દરખાસ્તદારે અગાઉ જમા કરાવેલી બધી રકમ વગર નોટિસે જપ્ત કરવામાં આવશે.

ઉપરોક્ત મિલકતો ઉપરના ચૂકવવાપાત્ર કોઈપણ પ્રકારના બેંકની જાણમાં હોય કે નહોય તેવા હાલના કે ભવિષ્યના વૈધાનિક સરકારી લ્હેણા સેલ્સટેક્ષ, ઈન્કમટેક્ષ, કોમર્શિયલ ટેક્ષ, જી.એસ.ટી. લ્હેણાં, એકસાઈઝ લ્હેણા, અર્ધસરકારી લ્હેણા, લેબર લ્હેણા, પ્રોવિડંટ ફંડ, ઈલેક્ટ્રીસિટી લ્હેણા, સુરત મ્યુ. કોર્પોરેશનના લ્હેણા/ગ્રામ પંચાયતના લ્હેણા, મિલકતવેરો, સોસાયટી મેઈન્ટેનન્સ અને અન્ય તમામ દેવા ખરીદનારે ભોગવવાના રહેશે. સદર મિલકત પર અમો બેન્ક સિવાયના અન્ય કોઈ બોજા અંગે બેંકને કોઈ જાણ કે માહિતી નથી તેવા બોજાના પુરેપુરા લેણા ચૂકતે કરવાની જવાબદારી ફક્ત ખરીદનારને શીરે રહેશે તથા મિલકત ટ્રાન્સફર કરવાના તમામ ખર્ચ સહિતની કાર્યવાહી ખરીદનારે કરવાની રહેશે તથા તે અંગે થતી સ્ટેમ્પ ડ્યુટી, વધારાની સ્ટેમ્પ ડ્યુટી, ટ્રાન્સફર ફી, રજીસ્ટ્રેશન ચાર્જ તથા અશાંત ધારા અંગેની મંજૂરી મેળવવા અંગેનો તમામ ખર્ચ પણ ખરીદનારે ભોગવવાનો રહેશે. અશાંત ધારા મંજૂરી મેળવવાની કાર્યવાહી તથા વેચાણનું પ્રમાણપત્ર પણ સબ રજીસ્ટ્રાર કચેરી રુબરુ નિયત સમય મર્યાદામાં નોંધણી કરાવી લેવાની જવાબદારી ખરીદનારની રહેશે. બેંક, મિલકત ખરીદનારને બેંક પાસે ઉપલબ્ધ "જ્યાં છે, જેમ છે અને જે છે તે સ્થિતિ"ના ધોરણે મિલકતોના ટાઈટલ અંગેના ડોકયુમેન્ટસ સુપ્રત કરશે. બેંકે ઉપરોક્ત ગીરો મિલકતોનું વેચાણ કરવા અંગે કોઈ એજન્ટ/બ્રોકર/દલાલને કામ સોંપેલ નથી. વધુ માહિતી માટે અધિકૃત અધિકારી શ્રી સુનિલ આર. કાપડીયાનો (ફોન નં. ૦૨૬૧-૨૪૬૪૫૮૦) સંપર્ક કરવો. કોઈપણ પુછપરછ અને/અથવા વેચાણ માટેની અન્ય શરતો સારુ નીચે સહી કરનારનો સંપર્ક કરવા વિનંતી છે.

કોઈપણ કારણ આપ્યા વિના મળેલ કોઈપણ અને/અગર બધી જ દરખાસ્તો નકારવાના તથા હરાજી મોકૂફ કરવા અંગેના પોતાના અધિકારો અધિકૃત અધિકારી રાખે છે.

તારીખ : ૨૦/૦૯/૨૦૨૩
સ્થળ : સુરત

સહી/- આસીસ્ટન્ટ જનરલ મેનેજર અને અધિકૃત અધિકારી
ધી સુરત પીપલ્સ કો-ઓપ. બેંક લિ.

વઘઈમાં સાડા પાંચ તથા કપરાડામાં દોઢ ઈંચ વરસાદ

સુરત જિલ્લાના ઉમરપાડામાં પોણો ઈંચ તેમજ કામરેજ અને સુરતમાં હળવો વરસાદ

ધબકાર પ્રતિનિધિ, સુરત, તા. ૨૨

સુરત શહેર જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતમાં ઠેર ઠેર છૂટો છવાયો વરસાદ વરસી રહ્યો છે છેલ્લા ૨૪ કલાકમાં દક્ષિણ ગુજરાતના કેટલાક તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે જેમાં ડાંગ જિલ્લાના વગઈમાં સાડા પાંચ ઈંચ, અને વલસાડના કપરાડામાં દોઢ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે આ ઉપરાંત શહેર સહિત જિલ્લામાં પણ હળવો વરસાદ વરસ્યો હતો.

જુદા જુદા ફ્લડ કંટ્રોલ દ્વારા જણાવ્યા મુજબ આજે સાંજે ૬ વાગ્યા સુધીમાં વિતેલા ૨૪ કલાક દરમિયાન વગઈમાં સાડા પાંચ ઈંચ. વલસાડ ના કપરાડામાં ૩૨ એમએમ.સોનગઢમા પોણો ઈંચ. વ્યારામાં અડધો ઈંચ. સુરત જિલ્લાના ઉમરપાડામાં અડધા ઈંચ થી વધુ. વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત વાલોડ. ધરમપુર. કામરેજ. સુરત.મા મધ્યમ વરસાદ તેમજ આજે દિવસે સુરત શહેરમાં વિવિધ વિસ્તારોમાં રાંદેર પોણો ઈંચ.લિબાયત અડધો ઈંચ. વરાછા બી ઝોન માં પોણો ઈંચ સિવાય કતારગામ,અઠવા, સેન્ટ્રલ.વરાછા એ ઝોનમાં હળવા ઝાપટાં રૂપે વરસાદ વરસ્યો હતો.

નર્મદ યુનિ. સંલગ્ન કોલેજો અને વિભાગોમાં ૨૬મી સપ્ટેમ્બર સુધી પ્રવેશ મેળવી શકાશે

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે સ્નાતક અને અનુસ્નાતકના પ્રથમ વર્ષમાં પ્રવેશથી વંચિત વિદ્યાર્થીઓને પ્રવેશ માટે તક

ધબકાર પ્રતિનિધિ
સુરત તા.૨૨

નર્મદ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને વિભાગોમાં પ્રવેશ મેળવવાના બાકી હોય, તે વિદ્યાર્થીઓ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધી પ્રવેશ મેળવી શકશે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા જારી કરેલા પરિપત્ર અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રથમ વર્ષમાં પ્રવેશથી વંચિત રહી ગયા હોય અને પ્રવેશ મેળવવા માંગતા હોય, તેવા વિદ્યાર્થીઓ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધી પ્રવેશ મેળવી શકશે. વિદ્યાર્થીએ યુનિવર્સિટી ખાતે રૂબરૂમાં જઈને હેલ્પ સેન્ટર ખાતે લેખિતમાં અરજી કરવાની રહેશે. ૨૬મી સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧ વાગ્યા સુધી જ અરજી કરી શકાશે. નમૂના મુજબ લેખિત અરજી કરવાની છે.

ઓલપાડ તાલુકામાં 'આયુષ્માન ભવ:' કાર્યક્રમ હેઠળ આરોગ્યલક્ષી યોજનાઓના લાભોનું વિતરણ

ધબકાર પ્રતિનિધિ, સુરત, તા. ૨૨

"આયુષ્માન ભવ" કાર્યક્રમ અંતર્ગત સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના મોર ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે આરોગ્ય તથા પોષણની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરાયું હતું. જેમાં 'આયુષ્માન કાર્ડ', ગંગાસ્વરૂપ બહેનો, વ્હાલી દીકરી, ટી.બી.ના દર્દીઓને પોષણક્ષમ આહાર જેવી યોજનાઓના લાભાર્થીઓને કીટ્નું વિતરણ કરાયું હતું. મંત્રીશ્રીએ રાજ્ય સરકારની આરોગ્યલક્ષી યોજનાઓ થકી છેવાડાના ગરીબ દર્દીઓને સારી અને આરોગ્યપ્રદ સેવાઓ મળી રહી હોવાનું જણાવીને વધુમાં વધુ આરોગ્યલક્ષી સેવાઓનો લાભ લેવાનો અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ઓલપાડ તાલુકા પંચાયત પ્રમુખ નીતાબેન પટેલ, ઉપપ્રમુખ કિરણભાઈ પટેલ, સરપંચ આશાબેન તથા ગામના મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઓલપાડ તાલુકાનાં આરોગ્ય અધિકારીશ્રી ડો. કૃણાલ જરીવાલા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોરના તબીબી અધિકારીશ્રી ડો.ચાંદની કેશવાની તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. અનિલ પટેલના માર્ગદર્શન અને સ્ટાફગણના સંકલન-સહયોગથી કાર્યક્રમ સફળ નીવડ્યો હતો.

પાંડેસરામાં છૂટક મજૂરી કરતાં કલવા નિસાદની હત્યાનો ગુનો ઉકેલાયો

ધબકાર પ્રતિનિધિ, સુરત.તા.૨૨

ભેસ્તાન ખાતેની ગુરુકૃપા ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં આવેલાં મનપાનાં ગાર્ડનમાંથી ગત તા. ૧૯/૯/૨૩ ની સવારે છૂટક મજૂરી કરી પેટીયું રડતાં કલવા ઉર્ફે કલ્લુ જગરૂપ નિસાદ જાતે કેવટ (ઉ.આ.વ. ૪૦, રહે. રખડતો ભટકતો, મૂળ વતન. યુપી) ની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. જે મામલે પાંડેસરા પોલીસે મૃતકનાં ભત્રીજા ચેતકુમાર ની ફરિયાદ લઈ અજાણ્યાં વિરુદ્ધ ઈપીકો કલમ ૩૦૨ તથા જીપી એક્ટ ૧૩૫ અંતર્ગત ગુનો નોંધ્યો હતો. જે અંતર્ગત પોલીસ ઈન્સ્પેકટર એન.કે કામળીયા દ્વારા હત્યારા અમાવસ ઉર્ફે સુનિલ રામ પરવેશ મહતો (ઉ.વ.૩૬, રહે. પ્લોટ નં. ૧/૨, ભગવતી નગર સોસાયટી, પહેલો માળ, રૂમ નં. ૨, પ્રિન્સ ઈન્ડસ્ટ્રીયલ પાસે, ભેસ્તાન, પાંડેસરા, સુરત. મૂળ વતન, ફતેહપુર ગામ, પોસ્ટ. બરોહલી, જી. ગોપાલગંજ, બિહાર) ને ઝડપી પાડવામાં આવ્યો હતો. પૂછપરછ કરાતાં અમાવસ મહતોએ કરેલી કબૂલાત મુજબ તે અવારનવાર મનપા ગાર્ડનમાં નાસ્તો કરવા જતો હતો તે દરમિયાન તેની મિત્રતા કલવા સાથે થઈ હતી. બનાવની રાત્રે દારૂ પીધા બાદ નાસ્તો કરવા દરમિયાન કલવા એ ગાળ આપતાં બન્ને વચ્ચે ઝઘડો થતાં પોતે એમ્બ્રોઈડરી ખાતામાં જઈ પાવડાનો લાકડાનો હાથો લઈ આવ્યો હતો અને કલવાનાં માથા તથા શરીરનાં ભાગે આડેધડ માર મારી મોત નિપજાવ્યું હતું.

NOTICE

BLUE STAR LTD

Registered Office: Kasturi buildings, Mohan T Advani Chowk, Jamshedji Tata Road, Mumbai-400020 Maharashtra

NOTICE is hereby given that the certificate[s] for the under mentioned securities of the Company has/have been lost/misplaced and the holder[s] of the said securities/applicant[s] has/have applied to the Company to issue duplicate certificate[s].Any person who has a claim in respect of the said securities should lodge such claim with the Company at its Registered Office within 15 days from this date, else the Company will proceed to issue duplicate certificate[s] without further intimation.
Blue star ltd: folio no: - S002569 & S002570

Name(s) Of holder(s)	Kind of Securities and face value	No. of number(s) securities	Certificates no's	Distinctive number(s)
MALTI PRAVINKANT SHAH PRAVINKANT CHIMANLAL SHAH	EQUITY and face value 10/-	50	123856	6218700-6218749
//	//	50	183905	9245686 9245735
//	//	50	383173	20972683-20972732
//	//	50	383174	20972733-20972782
//	EQUITY and face value 2/-	35	7362	145432351-145432385
PRAVINKANT CHIMANLAL SHAH MALTI PRAVINKANT SHAH	EQUITY and face value 10/-	50	123857	6218750-6218799
//	//	50	183906	9245736-9245785
//	//	50	383175	20972783-20972832
//	//	50	383176	20972833-20972882
//	EQUITY and face value 2/-	35	7363	145432386-145432420

Svasti Plot No.17-18
Amaltas Soc, Off Vip Road
Nr Raghuvir Star Galaxy Appt. Vesu
SURAT-395007-GUJARAT

DR. MALTIBEN PRAVINKANT SHAH

DATE : 23-09-2023

બીઆઈએસ લાયસન્સ વિના પોલિએસ્ટર સ્ટેપલ રેશે બનાવતી સેલવાસની અરોરા ફાઈબર્સ પર દરોડા

ધબકાર પ્રતિનિધિ, સુરત, તા. ૨૨

સેલવાસની અરોરા ફાઈબર્સ લિમિટેડ કંપની દ્વારા બીઆઈએસનું લાયસન્સ મેળવ્યા વિના જ પોલિએસ્ટર સ્ટેપલ રેશેનું ઉત્પાદન કરવામાં આવતા સુરતના બીઆઈએસ યુનિટ દ્વારા દરોડા પાડી ૧૩૦ મેટ્રિક ટન પોલિએસ્ટર સ્પેટલ રેશેનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડસ (બીઆઈએસના) સુરત ખાતેના પ્રમુખ એસ. કે. સિંહએ જણાવ્યું કે, સેલવાસના પીપરિયા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ ખાતે ચાલતી અરોરા ફાઈબર્સના સંચાલકો દ્વારા બીઆઈએસના લાયસન્સ મેળવ્યા વિના આઈએસઆઈ માર્કાના સ્ટેપલ રેશેનું ગેરકાયદેસર રીતે ઉત્પાદન કરવામાં આવતું હતું. જે બાતમીના આધારે દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન અરોરા ફાઈબર્સ લિમિટેડમાંથી આઈએસઆઈ માર્કા વગરના ૪૫૭ બેલ્સ (૧૩૦ મેટ્રિક ટન) પોલિએસ્ટર સ્ટેપલ રેશેનો જથ્થો જપ્ત કરીને વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વધુમાં વિગતો મુજબ રસાયણ અને ખાતર મંત્રાલય ના ઓર્ડર નંબર- CG-DL-E-૦૩૧૦૨૦૨૨-૨૩૯૩૦૫ મુજબ તારીખ ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ જારી કરાયેલા પૉલિએસ્ટર સ્ટેપલ રેશે (ગુણવત્તા નિયંત્રણ) ઓર્ડર-૨૦૨૨ ના રોજ પૉલિએસ્ટર સ્ટેપલ રેશે આઈ એસ આઈ (ISI) માર્ક ૦૩-૦૪-૨૦૨૩ પછી ફરજિયાત બનાવવામાં આવ્યો છે. અર્થાત કોઈપણ ઉત્પાદક અથવા વેપારી વગર આઈ એસ આઈ માર્ક લગાવેલ પૉલિએસ્ટર સ્ટેપલ રેશેનું ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ કરી શકશે નહીં આવું કરનારનાં વિરુધ્ધ ભારતીય માનક બ્યુરો અધિનિયમ ૨૦૧૬ ના અનુચ્છેદ ૧૭ ના ઉલ્લંઘનની કાર્યવાહી કરવામાં આવે છે. આ અપરાધ દંડનીય છે. જે અંતર્ગત બે વર્ષની જેલ અથવા ઓછામાં ઓછા રૂ ૨,૦૦,૦૦૦/- આર્થિક દંડ અથવા બંને સજાની જોગવાઈ છે.

સુરત બીઆઈએસ વિભાગના સુરત યુનિટ દ્વારા ૧૩૦ મેટ્રિક ટન પોલિએસ્ટર સ્ટેપલ રેશેનો જથ્થો જપ્ત કરાયો

શહેરમાં આર્થિક તંગીને કારણે ત્રણ વ્યકિતએ જીવન ટૂંકાવ્યા

રત્નકલાકાર, લુમ્સના કારીગર તથા છૂટક મજૂરીનું કામ કરતાં વ્યક્તિઓએ બેકારીને કારણે જીવન ટૂંકાવી લીધું

ધબકાર પ્રતિનિધિ,સુરત,તા.૨૨

સુરત શહેરમાં આર્થિક તંગીના કારણે આપઘાતના એક દિવસમાં ત્રણ બનાવો નોંધાયા છે. વેડરોડ પરની શિવછાયા સોસાયટીના રત્નકલાકાર, નવાગામ ડીડોલીના લુમ્સ કારીગર, તેમજ કાપોદ્રાના છૂટક મજૂરી કરતાં શ્રમજીવી યુવકે આર્થિક ભીસમાં કંટાળી જીવન ટૂંકાવી લેતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

પોલીસ દ્વારા મળતી માહિતી મુજબ પ્રથમ બનાવમાં મૂળ ભાવનગરના વતની અને શહેરના વેડરોડ પરની શિવછાયા સોસાયટીમાં આવેલા અક્ષર એપાર્ટમેન્ટમાં રહેતા વિશાલભાઈ ભરતભાઈ વોરા રત્નકલાકાર તરીકે હીરાના કારખાનામાં કામ કરી બે પુત્રો અને પત્ની ભરણપોષણ કરતાં હતા. ભરતભાઈ છેલ્લા ૭ માસથી બેકાર બન્યા હતા, બેકારીના કારણે આર્થિક સંકડામણ અનુભવતા ભરતભાઈએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવમાં પોલીસ કાયદેસરની કાર